# ૪ જુલાઇ – ૨૦૧૬ (સોમવાર)

**(૧) નેધરલેન્ડ ઇન્ટરનેટ ઓફ થીંગ્સ થી જોડાયેલો દુનિયાનો પહેલો દેશ :**
- ઇન્ટરનેટ ઓફ થીંગ્સ એટલે કે વિવિધ ઉપકરણો ઇન્ટરનેટથી જોડાયેલા હોય તે.
- ફ્રીજ, ટીવી, દરવાજોનો લોક, વોશિંગ મશીન, લાઇટો સહિતની ચીજો ઇન્ટરનેટ સાથે જોડાયેલી હોય તેને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ કહેવાય.
- ઇન્ટરનેટ ઓફ થિંગ્સ નવા જમાનાની ક્રાંતિ છે.
- નેધરલેન્ડની ટેલીકમ્યુનીકેશન કંપની કેપીએન દ્વારા આખા દેશમાં ઇન્ટરનેટ ઓફ થીંગ્સ માટે નેટવર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે.

**(૨) ભારત–બાંગ્લાદેશ આઇ.ડબલ્ય.ટી.ટી.પી. કરાર :**
- ભારતને બાંગ્લાદેશ સાથે 'ઇનલેન્ડ વોટર ટ્રાંઝીસ્ટ એન્ડ ટ્રેડ પ્રોટોકોલ' (આઇ ડબલ્યુટીટીપી) સમજુતી થયેલી છે.
- આ જોડાવાઇ હેઠળ ભારત અનાજ અને ઓઇલને બાંગ્લાદેશ માર્ગે ત્રિપુરા પહોંચાડશે.
- હાલમાં આસામ–અગરતલા રાષ્ટ્રીય ધોરી માર્ગ ભંગાણ અને પાણી ભરવાને કારણે બંદ છે. જેના કારણે અનાજ અને ઓઇલ ભરેલી સેંકડો ટ્રકો આસામ, ત્રિપુરા પહોચાડવી મુશ્કેલ છે.
- આ સંજોગોમાં આ તમામ સામાન કોલકત્તા બંદરેથી લોહીને બાંગ્લાદેશના અશુગંજ બંદરે પહોચાડશે ત્યાથી અગરતલા ૫૦ કિમી. દુર છે. જ્યા સામાન પહોંચાડશે.
- ત્રિપુરા મુખ્યમંત્રી – માણીક સરકાર

**(૩) બગદાદ આતંકી હુમલો :**
- ઇરાકની રાજધાની બગદાદમાં આતંકવાદી સંગઠન દ્વારા બે કારબોંબ વિસ્ફોટ કરાયા
- આ વિસ્ફોટમાં ૧૨૦ લોકો મોતને ભેટ્યા તથા ૨૦૦ લોકોને ઇજા થઇ.

**(૪) નાસાએ વિશ્વનું સૌથી શક્તિશાળી રોકેટનું પરીક્ષણ કર્યું :**
- નાસા મંગળ પર અવકાશયાત્રીઓને પહોંચાડી શકે એવું સ્પેસ લોન્ચિંગ સિસ્ટમ (એસએલએસ) નામનું વિશ્વનું સૌથી શક્તિશાળી રોકેટ ડિઝાઇન કરી રહી છે.
- તાજેતરમાં નાસાએ આ રોકેટની મોટરનું બીજી મહત્વપૂર્ણ પરિક્ષણ કર્યું હતું
- હવે વર્ષ ૨૦૧૮માં એસએલએસ ફલાઇટનું ટેસ્ટીંગ થશે અને ૨૦૨૩માં મંગળ તરફ રવાના થશે.

**(૪) સાંગાકારની ઓલટાઇમ ઈલેવન :**
- શ્રીલંકાના પૂર્વ કેપ્ટન અને વિકેટકિપર કુમાર સાંગાકારાએ પોતાની ઓલટાઇમ ક્રિકેટ ટીમ પસંદ કરી છે.
- આ યાદીમાં એકમાત્ર ભારતીય ક્રિકેટર રાહુલ દ્રવિડને સ્થાન આપ્યું છે. જેમા દ્રવિડ અને હેડનને ઓપનર બનાવ્યા છે.

પ્રશ્નો :

(૧) ઇન્ટરનેટ ઓફ થીંગ્સથી જોડાયેલો વિશ્વનો પ્રથમ દેશ ?
- નેધરલેન્ડ

(૨) ઇન્ટરનેટ ઓફ થીંગ્સ એટલે શું ?
- વિવિધ ઉપકરણો ટીવી, ફ્રીજ, દરવાજાનો લોક, વોશિંગ મશીન વગેરે જેવી ચીજો ઇન્ટરનેટથી જોડાયેલ હોય તે

(૩) આગામી સમયમાંમાં કયા દેશની મદદથી અનાજ અને ઓઇલ ત્રિપુરા પહોચાડી શકાશે ?
- બાંગ્લાદેશ

(૪) ભારત–બાંગ્લાદેશ આઇ ડબલ્યુ ટીટીપી કરારમાં આઇડબલ્યુ ટીટીપણી નું પુરૂ નામ જણાવો.
- ઇનલેન્ડ વોટર ટ્રાન્ઝિસ્ટર એન્ડ ટ્રેડ પ્રોટોકોલ

(૫) બાંગ્લાદેશથી અનાજ અને ઓઇલ ત્રિપુરા પહોંચાડવા માટે પહેલા કોલકત્તા બંદરેથી બાંગ્લાદેશના કયાં બંદરે પહોંચાડશે ?
- અશુગંજ બંદર

(૬) ત્રિપુરા મુખ્યમંત્રી
- માણિક સરકાર

(૭) ઇરાકની રાજધાની જણાવો.
- બગદાદ

(૮) નાસા વિશ્વસનું સૌથી શક્તિશાળી રોકેટ બનાવી રહ્યું છે તેનું નામ જણાવો.
- સ્પેસ લોન્ચિંગ સિસ્ટમ

(૯) શ્રીલંકન ક્રિકેટર સાંગાકારની ઓલટાઇમ ઇલેવનમાં કયા એકમાત્ર ભારતીયને સ્થાન મળ્યું છે ?
- રાહુલ દ્રવિડ